

# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ કારતક

વાર્ષિક લવાજમ રૂા. ૭

## નૂતનવર્ષાભિનંદન

### જીવન નવપલ્લવિત રાખવાની ચાવી

કર્તવ્ય તારૂં જે ગણે તું, સાધી જ્યારે તે રહે,
આખું જગત્ તુજ યત્નપ્રતિ, કટુ વચન છોને કહે;
સ્તુતિ જ્યાંથી મળવી હોય ઘટતી, ત્યાંથી નિંદા છો થતી,
પણ વિસરી તે વીર રાખજે, તુજ હસતી મુખની આકૃતિ.

બનતો પરિશ્રમ શુદ્ધબુદ્ધિથી સતત સાધ્યા પછી,
વિપરિત ફળ નજરે પડે, અથવા ન ફળ પ્રકટે હજી;
મિત્રો બધા પલટાઈ થઈ શત્રુ, જતા છોને ત્યજી,
પણ વિસરી તે વીર રાખજે, તુજ વદન પર સ્મિતને સજી.

કરવાનું તેં બનતું કર્યું છે, પ્રભુ અને તું જાણતા,
બીજા ન જાણે તેથી, ધરીએ ખેદ વીર શાને વૃથા;
જે તે રીતે આનંદને ધરી, હેતથી હસજે સદા,
હસતાં ગળી જતી આપદા, જેમ હિમ ગળે રવિ ઉગતાં.

(વિચારરત્ન રાશિ)

માનવી દેવ કરતાં પણ મહાન્ છે, દેવ કરતાં પણ માનવીનું ગૌરવ વિશેષ છે.
આવા મહાન્ ગૌરવશાળી માનવીને શીરે જવાબદારી પણ એટલી મોટી રહેલી છે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૫ ] નવેમ્બર : ૧૯૭૭ [ અંક : ૧

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :



| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| સુભાષિત રત્નો | | ૧ |
| પંચોતેરમા વર્ષમાં મંગળ પ્રવેશ | શાહ ગુલાબચંદ લલ્લુભાઈ | ૨ |
| મંગળ અભિલાષા | પં. પૂર્ણાનંદવિજયજી મહારાજ | ૩ |
| આત્મજ્ઞાની રાજકન્યા ચૂડાલા | સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા | ૪ |
| આસો માસની વિતતી રાતે | ડૉ. ભાઈલાલ એમ. બાવીશી | ૭ |
| ભીતર બોલે એકતારો | શ્રી મકરન્દભાઈ દવે | ૧૧ |
| માથાના વાળ કેમ વધાર્યા ? | શ્રી સુશીલ | ૧૫ |
| સમાચાર સંચય | | ટા. ૪ |



આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ

## શ્રી લહેરચંદભાઇ છોટાલાલ મહેતા (અમરેલીવાળા) ભાવનગર

બી.એસ.સી. (એન્જી.)

આ સભાના નવા આજીવન સભ્ય

## શ્રી જીવરાજભાઇ માધવજીભાઈ (મોણપુરવાળા) ભાવનગર

## આત્મકલ્યાણ અર્થે પૂજા ભણાવવામાં આવી

આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ અંગે ગુરુભક્તિ નિમિત્તે તથા આ સભાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. શેઠ ફતેહચંદ ઝવેરભાઇ શાહની જન્મ તિથિ હોવાથી તેમના પુત્ર ભાઈ હિંમતલાલ તરફથી સ્વર્ગસ્થના આત્મકલ્યાણ અર્થે ભાવનગર જૈન આત્માનંદ સભાના લાઈબ્રેરી હોલમાં સં. ૨૦૩૩ના આસો સુદી ૧૦ શુક્રવારના રોજ શ્રી પંચ પરમેષ્ઠીની પૂજા ભણાવવામાં આવી હતી અને પ્રભાવના કરવામાં આવી હતી.

## આ.....ભા....ર


શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડના માલીક સ્વ. શેઠશ્રી ભોગીલાલ નગીનદાસભાઈ તરફથી ઘણા વર્ષોથી પંચાંગ ભેટ મોકલવામાં આવે છે. આ વર્ષે પણ સંવત ૨૦૩૪ની સાલના કાર્તિકી જૈન પંચાંગ સભાના બંધુઓને ભેટ આપવા મોકલેલ છે, તે માટે અમો આભાર વ્યક્ત કરીએ છીએ.

## અમદાવાદમાં ભોજનશાળાનું ઉદ્‌ઘાટન

તા. ૩૦-૧૦-૭૭ રવિવારે અમદાવાદમાં શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક ભોજનશાળાનું નવું મકાન પાંજરાપોળમાં શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે તેમના હસ્તે નૂતન મકાન ખુલ્લું મુકાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




● તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ ●

વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ કારતક : ૧૯૭૭ નવેમ્બર | અંક : ૧

# સુભાષિત રત્નો

* મહાદુઃખકારક રાગરૂપ રોગને છેદવા માટે પરમાત્મા અને પવિત્ર સન્ત ઉપરનો નિર્મલ રાગ ઔષધ સમાન છે.

[ પવિત્ર સંત કે સાધુજન પર ગુણમૂલક રાગ થવો એ સારો છે. કેમકે એ કલ્યાણભાવનાને જાગ્રત્ કરવામાં સહાયક બને છે, અને એ પ્રશસ્ત રાગ કલુષિત રાગને હટાવવામાં ઉપયોગી થાય છે. વિષનું ઔષધ વિષ, તેમ કલુષિત રાગનું ઔષધ પવિત્ર રાગ. ]

× × ×

* ખાવું–પીવું વગેરે ક્રિયાઓ કરવા છતાં વિવેક દૃષ્ટિવાળો અને અનાસક્ત તેમજ બધા પ્રત્યે મૈત્રીભાવ ધરાવનાર મનુષ્ય અમૃતપદનો અધિકારી છે.

× × ×

* આત્માના વાસ્તવિક સૌન્દર્યની ભાવનામાં જે રમમાણ છે તે પોતાની બધી ઈન્દ્રિયોને પોતાની દાસી બનાવીને પોતાના મન પર સ્વામિત્વ ધરાવતો હોય છે. એવો મહામના માનવ મોહ (રાગ-દ્વેષ)થી દૂર જ હોય છે.

[ કલ્યાણભારતી ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પંચોતેર વર્ષમાં મંગળ પ્રવેશ

તંત્રી સ્થાનેથી : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ

પ્રભાતે ઊગીને જેમ જેમ ક્ષણિકજીવી સાંજે આથમી જતાં સાંપ્રત કાળનાં સેંકડો વર્તમાનપત્રો, સામયિકો અને માસિકની વિશાળ સૃષ્ટિમાં આત્માની મધુરી લહરીઓનાં આસ્વાદ ચખાડવાના મનોરથ સેવતું **શ્રી આત્માનંદ પ્રકાશ માસિક** ૭૪ વર્ષોનો લાંબો પંથ કાપી આજે ૭૫મા વર્ષમાં પ્રવેશ કરે છે. તે અમારા માટે જેટલો આનંદનો પ્રસંગ છે તેથીય વિશેષ તેના આપ્તજનો સમા તેના પ્રેમી વાચકવર્ગનો ખુશીનો પ્રસંગ છે. તેની નોંધ લેતાં અમે એક પ્રકારનો આનંદ અનુભવીએ છીએ.

કોઈ પણ વ્યક્તિ, સમાજ, સંઘ કે દેશનું જીવન કદાપિ એકધારૂં સરળ ચાલતું નથી. બાળપણથી વૃદ્ધાવસ્થા પર્યંત કોઈનાય જીવનપંથ સુંવાળા હોતા નથી. રસ્તામાં ન ધારેલા ખાડા-ટેકરા, નદી-નાળા વટાવવા પડે છે. અનેક મુશીબતોમાંથી પસાર થવું પડે છે. કેંક ચકડોળમાં ઉપર નીચે ફંગોળાવું પડે છે ત્યારે મજબુત મન અને સ્થિર દષ્ટિ હશે તે જ આગળ ધપી શકે છે.

**આત્માનંદ પ્રકાશ** પોતાના જીવન પ્રવાહમાં અપવાદરૂપે કેમ રહી શકે ! તેણે પણ પોતાના જીવન પ્રવાહમાં અનેક પ્રકારની તડકી-છાંયડી જોઈ. માસિક અંગે આર્થિક ભીંસ પણ જોઈ! ખર્ચને પહોંચી વળવા માટે પણ કેટલીક વિચારણા પણ કરવી પડે! કાર્યવાહકોની નિરૂત્સાહવૃત્તિ પણ ભારે વિમાસણરૂપ થઈ પડે છે. તેમાં ઉત્સાહપ્રેરિત ભાવના જાગ્રત થાય તેવું બળ પ્રાપ્ત થાય એમ ઈચ્છીએ છીએ. આ રીતે કેંક મુસીબત અને કઠણ માર્ગોમાંથી ચઢાણ અને ઉતરાણ સમયે સાવધાન રહેવું પડે એ અમારા માટે સ્વાભાવિક થઈ પડે છે.

ભૌતિક સુખ સંપત્તિ અને વૈભવ વિલાસમાં ચકચૂર આધુનિક વાતાવરણ વચ્ચે સૌની શુભેચ્છાના પ્રતાપે 'આત્માનંદ પ્રકાશે' પોતાના આદર્શને વફાદાર રહી આત્માના 'આનંદ પિપાસુ' જનો સમક્ષ પોતાની દીવડી સતેજ રાખી 'સમ્યગ્ દર્શન'નાં વાટે થોડા અમૃત પાયા એ જ અમારી સાચી મુડી ગણાય છે.

**આપણી શ્રી જૈન આત્માનંદ સભાનું** મુખપત્ર 'શ્રી આત્માનંદ પ્રકાશ' માસિક એ વસ્તુતઃ દરેક આત્માર્થીજનનું અને જૈન સમાજના અભ્યુદયમાં રસ ધરાવતી પ્રત્યેક વ્યક્તિનું પ્રિય વાજિંત્ર બન્યું છે. આવી સમજણથી તેનાં સુરમાં સુર પુરાવનાર કેટકેટલા લેખકોએ અને લેખિકાઓએ તેમાં સાથ આપ્યો છે, તેઓ બધાને અમે અભિનંદન આપીએ છીએ.

અમારા આ નમ્ર અર્ધ્યમાં ઘણા પરિચિત ને અપરિચિત મહાનુભાવોનો સહકાર મળ્યો છે, તે યાદ કરી આભારની લાગણી પ્રદર્શિત કરીએ છીએ.

બહોળો વાચકવર્ગ, લેખક સમુદાય અને જેમણે 'આત્માનંદ પ્રકાશ'ને પુષ્ટ કરવા પોતાની અંજલિ ધરી છે, તેઓ બધા માટે અમે ગૌરવ લઈએ છીએ.

આપણા સમાજમાં નવદિક્ષિત સાધુ અને સાધ્વીઓનો કેટલોક ભાગ કોલેજના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યવહારિક વિદ્યાથી વિભૂષિત છે. જેઓ જૈન સાહિત્ય અને શાસ્ત્રનો અભ્યાસ કરી રહ્યા છે, તેઓ તેમના જ્ઞાનનો લાભ આ માસિક દ્વારા આપે તેમ ઇચ્છીએ છીએ.

મહાન ઉપકારી શ્રુતવારિધિ શાંતમૂર્તિ પૂજ્ય મુનિમહારાજ શ્રી પુણ્યવિજયજી મહારાજની ગેરહાજરીનું અમને સ્મરણ થતાં ભારે દુઃખની લાગણી અનુભવીએ છીએ. તેઓશ્રીને અમારા દિલની અંજલી અર્પી શાન્તિ મેળવવા પ્રયાસ કરી રહ્યા છીએ. આ સાલમાં સભાના ઉપપ્રમુખ સ્નેહીવર્ય શ્રી મનસુખભાઇનું પણ આ નોંધ લખતાં સ્મરણ થાય છે. તેઓ હૈયાત નથી પણ ભારે દિલે તેમને યાદ કરી સભાને તેમના જીવનમાંથી પ્રેરણા મળ્યા કરે અને તેમની સુવાસ કાર્યવાહકોમાં પ્રસરાયા કરે એમ ઇચ્છીએ છીએ.

પ્રાંતે સ્વર્ગસ્થ તેમજ વિદ્યમાન પૂજ્ય આચાર્ય મહારાજ, ઉપાધ્યાય મહારાજ, મુનિ મહારાજો તથા પૂજ્ય સાધ્વીજી મહારાજોને વંદન કરી શાસનદેવ પ્રત્યે માત્ર એટલી જ યાચના કરીએ છીએ કે અમારા આ નાનકડા કાર્યમાં પ્રતિદિન નવો નવો પ્રકાશ ઉમેરાય અને નવી નવી સામગ્રીથી **'આત્માનંદ પ્રકાશ'** વિશેષને વિશેષ ઝળહળી ઊઠે તેવી રીતે કાર્ય કરવાની અમને પ્રેરણા આપો એ જ શુભેચ્છા.

# મંગળ અભિલાષા

શેહ, શરમ અને મર્યાદાની વૃત્તિ, જે દેખાદેખીથી મને કે કમને પણ દિવસના પ્રકાશમાં રખાતી હોય છે, તે રાત્રિના અંધકારમાં રાખી શકાતી નથી. કેમકે અંધકારમાં પ્રવૃતિ સૂઈ જવા માંગતી હોય છે. જ્યારે વૃત્તિ જાગૃત રહેવા માંગે છે, તે સમયે માનવ ગમે તેટલી ધીરતા કે ગંભીરતા રાખે તો પણ આરામ હરામ થઈ જાય છે.

પીકચરોમાં અંધકારબાહુબલ્ય હોવાને લીધે જ દુર્ગુણો શીઘ્રતાથી ઘર કરી જાય છે. અંધકાર પછી બહારના પ્રકાશમાં આવતા તે વિચારો નષ્ટ થતા હશે એવું માની લઈએ તો પણ તે એટલું બધુ સરળ નથી. તંદુરસ્ત શરીર જલ્દી માંદુ થઇ શકે છે, પણ માંદુ શરીર શીઘ્રતાથી સારૂં થતું નથી.

ઈન્દ્રિય અને કષાયના ગુલામ માનવને પ્રાપ્ત થયેલ એકાંત પણ અંધકાર જેવો જ છે. ત્યાં સાત્વિક ભાવોની સ્થિરતા ન રહી તો તે એકાંત તેમને વિષય અને કષાયના રંગમાં રંગી નાખશે. આમ દુર્ગુણો સહસા લાભ લેવા માંગતા હોય તો તે અંધકારના પ્રતાપે જ, અને તે પણ આપણા પોતામાંના અંધકારના પ્રતાપે.

દીપકનો અભાવ તે દ્રવ્ય અંધકાર,

અજ્ઞાન તે ભાવ અંધકાર;

દીપાવલીના દીવડા તે દ્રવ્ય પ્રકાશ,

સમ્યગ્જ્ઞાનના સદ્‌વિચારો તે ભાવ પ્રકાશ.

મહાવીર સ્વામીના નિર્વાણ કલ્યાણક દિવસે સૌ કોઈ સદ્‌વિચારોનો સંગ્રહ પોતાના જીવનમાં કરે એ જ અભિલાષા.

—પં. પૂર્ણાનંદવિજયજી ( કુમાર શ્રમણ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મજ્ઞાની રાજકન્યા ચૂડાલા

લેખક : સ્વ. મનસુખલાલ તારાચંદ મહેતા

[ આત્માને કર્મનો બંધ કેમ થયો અને તેથી મુક્ત કેમ થઇ શકાય તે જાણવું એ જ સાચો જ્ઞાનયોગ છે. એ સમજ્યા પછી બંધાયેલા કર્મમાંથી મુક્ત થવાની ક્રિયા અને સાથોસાથ નવા કર્મ ન બંધાય એ રીતે સાવધાનતાપૂર્વક જીવન જીવવું તે જ કર્મયોગ અને ભક્તિપૂર્વક આ ક્રિયામાં લીન થઈ જવું અને કર્મોના બંધનમાંથી મુક્ત થવું એ જ સાચો ભક્તિયોગ છે. ]

અવંતિકાના રાજવી શિખિધ્વજના લગ્ન સૌરાષ્ટ્રની રાજકન્યા ચૂડાલા સાથે થયા હતા. ચૂડાલા અપૂર્વ લાવણ્યવતી હતી. ચૂડાલાના દેહની કાંતિ અને રમણિયતા અલૌકિક હતા કારણ કે તેના દેહના સૌન્દર્ય કરતાં પણ તેના આત્માનું સૌન્દર્ય અધિક હતું. લગ્ન પછી પતિ પત્ની વચ્ચે પ્રેમનો એવો તો ઉદધિ રચાયો કે જાણે બે ભિન્ન ભિન્ન દેહો વચ્ચે એક જ આત્મા રમણ કરી રહ્યો હોય !

ચૂડાલા અને શિખિધ્વજ બંને પૂર્વજન્મના અદ્ભુત યોગસાધકો હતા. ચૂડાલા ટૂંક સમયમાં જ મોહમુક્ત બની ગઈ અને તેના રાગ–ભય–દ્વેષ શાંત થઈ જતાં તે શરદ ઋતુના આકાશની જેમ નિર્મળ અને શાંત બની ગઇ. નીરાગ, અનાસક્ત અને નિરીચ્છ બની જતાં તેને સ્વાભાવિક રીતે જ આકાશગમન તેમજ અણિમા, મહિમાદિ વગેરે સિદ્ધિઓની પ્રાપ્તિ થઈ. તેના સ્થૂળ શરીરમાં પણ અદ્ભુત ચમત્કાર થયો અને પ્રૌઢ અવસ્થા પ્રાપ્ત થઇ ગયા હોવા છતાં તે ફરી જુવાનીમાં આવી હોય તેમ પૂર્ણ ચંદ્રમા માફક શોભવા લાગી. શિખિધ્વજ રાજાએ ચૂડાલાની આવી અદ્ભુત કાંતિ જોઇ એક દિવસે તેને પૂછયું : "પ્રિયે ! તારા દેહનું આવું લાવણ્ય કાયાકલ્પ દ્વારા તેં પ્રાપ્ત કર્યું છે કે કોઇ અદ્ભુત રસાયનની મદદથી આ શકય બન્યું છે ? હું તો પ્રૌઢાવસ્થામાંથી વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરૂં છું જ્યારે તું તો પ્રૌઢામાંથી યુવા બનતી ચાલી છે, એટલે મને તો કોઇ કોઇ વખતે એમ લાગે છે કે આપણું સુંદર યુગલ જોડાં રૂપ બનતું જાય છે."

ચૂડાલા આછું સ્મિત કરી બોલી : "રાજન્ ! કાયાકલ્પ કે રસાયનાદિ દ્વારા નહિ પણ પૂર્ણ બ્રહ્મમાં આત્મબુદ્ધિ કરવાથી હું આવી શોભાવાળી થઈ છું. વિષયોના ભોગથી મને હવે પ્રસન્નતા થતી નથી તેમ વિષયોના ભોગના અભાવે મને ખિન્નતા પણ થતી નથી. આ રીતે આત્મસ્વરૂપમાં રમણતા કરવાથી રાગ–દ્વેષ–ક્રોધ–માન–માયા–લોભના વિકારો મને સ્પર્શી શકતાં નથી અને તેથી જ આટલી શોભાયુક્ત બની છું."

ચૂડાલાની વાત સાંભળી શિખિધ્વજ રાજાએ કહ્યું : "પ્રિયે ! સર્વે ઇન્દ્રિયોથી અતીત એવું અદ્ભુત જ્ઞાન કાંઇ રાજમહેલમાં બેઠે બેઠે ન થાય. પરંતુ મારે આવું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું જ છે એટલે આવતી કાલે હું આ રાજમહેલ અને વૈભવોને છોડી વનમાં જઇશ અને તપ દ્વારા મારી મનોકામના સિદ્ધ કરીશ."

ચૂડાલાએ પતિદેવને સમજાવતાં કહ્યું : "રાજન્! જંગલમાં જઇને અગર હિમાલયના શિખર પર જઇ એકાન્તમાં બેસી જવાથી જ તપશ્ચર્યા થઇ શકે એ માન્યતા જ થોડી ભૂલ ભરેલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. તપશ્ચર્યા માટે જંગલમાં જવાની કે વેષપલટો કરવાની પણ આવશ્યકતા નથી. તપશ્ચર્યા તો પોતાના સ્થાનમાં છે, યોગાનુયોગે જે કાર્ય કરવાનું ભાગ્યના ફાળે આવ્યું છે તે કાર્યને સુંદર રીતે કરી બતાવવું એ જ સાચી તપશ્ચર્યા છે અને એમાં જ જીવનની સાર્થકતા છે. ઉત્તમ પ્રકારે રાજ્ય કરવું એ તમારો સ્વધર્મ છે અને સ્વધર્મને પડતો મુકી માણસ જ્યારે પરાયો ધર્મ આચરતો થાય ત્યારે તેમાં મન સ્થિર રહી શકતું નથી. પ્રજાપાલન એ તમારો વર્તમાન ધર્મ છે અને વનવાસ એ વૃદ્ધાવસ્થામાં શોભે. બાકી સાચા યોગીજનને વનવાસ અને રાજગાદી એ બંને જ સરખા લાગે."

પરંતુ ચૂડાલાની દલીલની અસર શિખિધ્વજ પર ન થઈ અને તે વનમાં ચાલી ગયો. ત્યાં એક પર્ણકુટિ બાંધીને રહ્યો અને સ્નાન, સંધ્યા, જપ આદિ કર્મો કરતા સમય પસાર કરવા લાગ્યો. પર્ણકુટિમાં દંડ, કમંડલ, મૃગચર્મ અને દર્ભાસન તેના મિત્રો બની ગયા અને રાજા મોટો ભાગ ધ્યાનમાં બેસી રહેતો પણ તેથી તેના ચિત્તને સ્વસ્થતા કે શાંતિ પ્રાપ્ત ન થયા.

ચૂડાલાએ અવંતી નગરીમાં એવી વાત ફેલાવી કે કાયાકલ્પની ક્રિયા અર્થે રાજા સુરક્ષિત સ્થળે એકાંતમાં રહેલા છે અને પ્રધાનમંડળની સહાયથી રાજસત્તાના તમામ સૂત્રો પોતે ધારણ કર્યા. ચૂડાલાએ પોતાની જ્ઞાનદૃષ્ટિ વડે રાજાની તમામ ક્રિયાઓ જોઈ લીધી. તેણે જોયું કે રાજા પરમજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના જ યોગી બની બેઠા છે.!

આ રીતની સાધનામાં અઢાર વર્ષો પસાર થયા પરંતુ રાજાને કોઈ પરમ તત્ત્વના દર્શન ન થયા. એમને તપોભંગ કરવા સ્વર્ગમાંથી ન ઉતરી રંભા કે મેનકા, પણ જ્યારે ન ઉતરી આવી ત્યારે રાજાને થયું કે મેં શું આ ખોટો માર્ગ પકડ્યો છે ? તપ-જપ-ધ્યાનમાંથી પણ સમાધિ તો પ્રાપ્ત થતી નથી. ત્યારે હવે કરવું શું ?

રાજાના મનની આવી પરિસ્થિતિ ચૂડાલાની સમજમાં આવી એટલે પોતાના પતિદેવનું માનસ સમજનારી આ મહાન સ્ત્રી એક તેજસ્વી સુંદર બ્રાહ્મણ પુત્રના રૂપે બ્રહ્મકુમાર નામ ધારણ કરી રાજા પાસે ગઇ. રાજા તેની કાંતિ અને પ્રતિભા જોઈ આશ્ચર્યચકિત થયો અને તેને કોઈ દિવ્ય યોગી માની લઇ પોતાનો પૂર્વ ઈતિહાસ કહી પૂછ્યું : "યોગીરાજ ! હું રાજપાટ અને વૈભવ વિલાસના અનેક સાધનો છોડી દઈ અનેક વર્ષોથી અહિં આવી યોગસાધના કરૂં છું પણ મને તો કોઈ સિદ્ધિ જ પ્રાપ્ત થતી નથી. આપ મને સાચો માર્ગ બતાવી આમાં સહાયરૂપ ન બની શકો ?"

બ્રહ્મકુમારે મોં મલકાવી કહ્યુ : "રાજન્ ! જે કોઇ સાધક કોઇપણ પ્રકારની સિદ્ધિ અર્થે સાધના કરે છે, તે સાધક નથી પણ એક મોટો ભિખારી છે. આત્માને કર્મનો બંધ કેમ થયો અને તેથી મુક્ત કેમ થઇ શકાય તે જાણવું એ જ સાચો જ્ઞાનયોગ છે. એ સમજ્યા પછી આત્મા સાથે બંધાયેલ કર્મોમાંથી આત્માને મુક્ત કરવા માટેની ક્રિયા તેમજ સાથોસાથ નવા કર્મ ન બંધાય એ રીતે સાવધાનતાપૂર્વક જીવન જીવવું એ જ સાચો કર્મયોગ, અને ભક્તિપૂર્વક આ ક્રિયામાં લીન થઈ જવું અને કર્મોના બંધનમાંથી મુક્ત થઈ જવું એજ સાચો ભક્તિયોગ છે. આ ત્રણેમાંથી યોગમાત્ર કોઈ એક યોગાવલંબનથી આત્મદર્શન કદાપિ થઈ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકતું નથી કારણ કે એવી સાધનામાં જ્ઞાન, કર્મ અગર ભક્તિ યોગરૂપ ન રહેતાં ચિત્તના એક પ્રકારના વિષયરૂપ બની જાય છે અને જ્યાં વિષય ત્યાં વાસના અને જ્યાં વાસના ત્યાં સંસાર પણ હોવાનો જ." શિખિધ્વજ રાજાએ બ્રહ્મકુમારને પછી પૂછ્યું; તો આવા જ્ઞાનયોગી, કર્મયોગી અને ભક્તિયોગીની સાધના કઈ રીતે થઇ શકે?

બ્રહ્મકુમારે કહ્યું : રાજન! જેનો આત્મા પૂર્ણ જ્ઞાની, પૂર્ણ કર્મશિલ અને પૂર્ણ ભક્ત છે તેને મન તો સંસાર અને નિર્વાણ બંને સમાન થઈ જાય છે. બ્રહ્મચર્ય, તપ, ધ્યાન અને સમાધિ આ બધી ક્રિયા ચિત્તને કષાયમુક્ત, નિર્મળ, શુદ્ધ અને પવિત્ર બનાવવા અર્થે છે કારણ કે એ રસ્તે જ આત્મદર્શન થઇ શકે. બધી જ સાધનાનો હેતુ આપણું સ્વસ્વરૂપ પ્રાપ્ત કરવા માટેનું જ હોવું જોઇએ એ ધ્યેય ભૂલવું ન જોઈએ. કારણ કે જે ક્રિયા અને સાધના નિજસ્વરૂપ પ્રાપ્ત નથી કરી શકતા તે ક્રિયાઓ અને સાધના ગમે તેવા મહાન છતાં તેનું ઉત્તમોત્તમ ફળ દૂર ને દૂર રહે છે.

卐

આ બધો 'મેળો' ચાર દિવસનું પ્રદર્શન છે, એના મોહમાં ડૂબી માણસ ભાન ભૂલી જાય છે. અને કામ-ક્રોધ-લોભના કાદવમાં ખુંચી જઈ કર્તવ્ય ભ્રષ્ટ થાય છે અને અનંત સનાતન થન ગુમાવી દે છે.

સમગ્ર શુભ-અશુભના મૂળમાં વિચારનું જ પ્રાધાન્ય છે. માટે અશુભને ડામવા વિચારને સુધારીએ. એમાં જ આંતરિક શાન્તિ છે અને એમાં જ સ્વ-પરના કલ્યાણની ચાવી છે.

—ન્યાયતિર્થ ન્યાયવિજય

*With best compliments from :*

**Steelcast Bhavnagar Private Ltd.**

Manufacturers of :
STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364001
(Gujarat)


Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આસો માસની અમાવાસ્યાની
# વિતતી રાતે .....દીપ બુઝાયો, દીવડા પ્રગટ્યા !
# ઉગતી પ્રભાતે.....ભ્રમ ભાંગ્યો, કેવળ ઝળક્યા !!



લેખક : ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M.B.B.S., F.C.G.P પાલીતાણા

દિવાળી, દીપાવલી, દીપોત્સવી ! એવા અનેરા નામે આસો માસમાં એ મહાપર્વ આવી રહ્યું છે. જેની સૌ નાના-મોટા જિજ્ઞાસા-પૂર્વક પ્રતિક્ષા કરી રહ્યા છે ! આવશે ત્યારે ખૂબ આનંદપૂર્વક, ઉમંગપૂર્વક એને ઉજવશે ! કોઈ વિચારે-'ત્યારે મજા પડશે, ઘર સજાવીશું, મીઠાઇ ખાઇશું, સુંદર કપડાં પહેરીશું ને મોજ માણીશું.' તો કોઇ ઇચ્છે-'રોશની કરીશું, ફટાકડા ફોડીશું, શારદા પૂજન-ચોપડા પૂજન કરીશું, દાન દઈશું.' તો વળી કેટલાક શહ જુએ કે-'છઠ્ઠ કરીશું, 'મહાવીર પારંગતાય' ને 'ગૌતમ ગણધરાય'ની નવકારવાળી ગણીશું.' જ્યારે બીજા વળી વિચારે-'મહાવીર-ગૌતમનાં રાસ ગાઇશું, સ્તોત્ર ભણીશું, સ્તુતિ-સ્તવન કરીશું ને ધર્મધ્યાનમાં રાત્રી ગાળીશું....' આમ એ મહાપર્વ દિવાળી આવતાં લોકો એને જુદી જુદી રીતે ઉજવતાં હોય છે. લૌકિક રીતે કે આધ્યાત્મિક રીતે ! પણ એની પાછળનું રહસ્ય બહુ ઓછા જાણતા હોય છે. ખરેખર એ પર્વનાં પેટાળમાં ભગવાન મહાવીરની અને ગણધર ગૌતમની ગૌરવ ગાથા ગાતી પ્રેરણાદાયી અને બોધદાયી હકીકતો પડી છે ! દિલમાં થયું યથામતિ રજુ કરૂં તો જિજ્ઞાસુ ભાઈઓ-બ્હેનો દીપોત્સવી પર્વને વિશિષ્ટ રીતે ઉજવવા પ્રેરાશે-આકર્ષાશે.

દિવાળી પર્વની ઉજવણી-ઉત્પત્તિ કેમ-કેવી રીતે થઈ ? આસો માસની અમાવાસ્યાની મધ્ય રાત્રિએ દેવાધિદેવ પ્રભુ મહાવીરનો મહાનિર્વાણ થયો અને ઊગતે પ્રભાતે પ્રભુના પ્યારા શિષ્ય ગણધર ગૌતમને કેવળજ્ઞાન પ્રગટ્યું ! આ દ અપૂર્વ અને મહત્ત્વપૂર્ણ બબ્બે પ્રસંગે ગી.... ધન્ય દિવસે બને એ દિન મહાપર્વ, છે. જાય ને ! અને ઉલ્લાસપૂર્વક ઉજવાય !

ભગવાન મહાવીર ! તીર્થંકર થવા સ એ મહામાનવનું જીવન તો જુઓ, વૈવિધ્યભર્યું, વિશિષ્ટતાભર્યું, વૈરાગ્યભ વીરતાભર્યું, અને એટલે પ્રેરણાદાયી છે. બાલ્ય વયથી જ નમ્રતા, સરળતા ને સમાનતા તરી આવતી છતાં શૌર્ય ને પરાક્રમ ઓછા નહોતા ! જીવનભરની એમની મહાનતા અને વીરતાને કારણે તો એ 'મહાવીર' કહેવાયા. જો કે મૂળ નામ તો હતું એમનું વર્ધમાન ! યૌવનવયે જ્યારે રાજકુમારને વિલાસ-વૈભવ ને મોજ-શોખ ગમે ત્યારે એમનાં દિલમાં વૈરાગ્ય ભાવના ને સંસારની અસારતા ઉભરાતી હતી. એટલે જ માતા-પિતાને દુઃખ ન લાગે એટલા માટે જ અનિચ્છાએ-અનાસક્તભાવે લગ્ન કર્યાં. પણ પોતે જળકમળવત્ સંસારથી આંતરિક રીતે નિર્લેપ ને વિરક્ત રહ્યા છે. વળી એમની કૌટુંબિક ભાવના પણ કેવી ઉત્કૃષ્ટ હતી તે જોઈએ.



For Private And Personal Use Only

વીર વર્ધમાને સંસારમાં રહી માતા-પિતાની ભક્તિ, વડીલ બંધુ પ્રત્યે આજ્ઞાંકિતપણું, પત્ની પ્રત્યે વફાદારીપણું, પુત્રી પ્રતિ વાત્સલ્યભાવ, જમાઈ પ્રત્યે પ્રેમભાવ હંમેશા દાખવેલ-સાચવેલ છે. પોતે સર્વ જીવોનાં અને સમસ્ત જગતનાં કલ્યાણ માટે જ જન્મ્યા છે અને આત્મ-સાધના સાથે પરમાર્થ પણ કરવાનું ધ્યેય લઈને આવ્યાં છે. એ સમય સાથે જ અનુકૂળતા થતાં રાજપાટ, વૈભવ-વિલાસ, કુટુંબ-કબીલો ને મોજશોખ છોડી દીક્ષા લીધી.

પ્રવજ્યા પાછળ ભવોભવનાં કર્મો ખપાવવાનો અને ઉચ્ચ આધ્યાત્મિક સ્તરે પહોંચવાનો હેતુ હોઈ, ભગવાન મહાવીરે અનાર્ય દેશમાં-મ્લેચ્છોનાં મુલકમાં વિહાર કર્યો. જ્યાં ધારણા પ્રમાણે અનેક પ્રકારની હેરાનગતિ-કનડગત ને પમાન સાથે ઘણા ઘણા ઉપસર્ગો સહન કર્યા ખપાવ્યા અને ક્ષમા, કરૂણા, દયા, સતા આદિ ગુણો દાખવતાં અહિંસા, ને તપ જીવનમાં વણી લીધા-ઓતપ્રોત ધા! બાર બાર વર્ષના કઠીન તપ દ્વારા -સાધના કરી, પછી જગતના જીવોને વ્યા, તાર્યા અને વિશ્વના કલ્યાણ ખાતર જીવન સમર્પણ કર્યું.

પ્રભુને હવે એક દિન, પોતાનો નિર્વાણ-સમય નજીક જણાતાં ચઉવિહારો છઠ્ઠ કરી, જગતનાં સર્વ જીવોને તારવા, પ્રબોધવા અને જ્ઞાન આપવા સતત ૧૬ પહોર સુધી દેશના આપી અને પોતે સિદ્ધિને વર્યા-નિર્વાણ પામ્યા ને સિદ્ધ થયાં! આવા ત્યાગ-તપ અને વૈરાગ્યનાં તેજે ઝળહળતા પ્રભુ નિર્વાણ પામતાં, જાણે જગતનો એક મહાન જ્ઞાન-દીપક બુઝાયો હોય એમ અનુભવતા સૂરો ને અસૂરો, દેવેન્દ્રો ને નરેન્દ્રો અને જગતના સર્વ જીવો પ્રભુનાં વિરહે હતાશ-નિરાશ થયાં, પરંતુ ભગવાનનાં અનેક ઉપકારોને ઉપદેશો તેમ જ જગતના કલ્યાણની ભાવના અને ઉત્કૃષ્ટ આત્મસાધનાથી પ્રભાવિત થઈ દેવે-દ્રો ને નરેન્દ્રોએ તથા લોકોએ પ્રભુનાં નિર્વાણને ઉજવવા અને પોતાનું ઋણ અદા કરવા મહોત્સવ ઉજવ્યો. ઘેરઘેર દીવા પ્રગટ્યા, દેવોએ વાજીંત્રો વગાડ્યા અને લોકો આનંદિત પ્રમોદિત થતાં પ્રભુનો જયજયકાર ગાવા લાગ્યા. એમ ભગવાન રૂપી જ્ઞાન દીપક બુઝાયો ત્યારે જગતનાં લોકોએ પ્રભુનાં સ્મારક સમા દીવડા પ્રગટાવી દીપોત્સવી ઉત્સવ ઉજવ્યો ને ત્યારથી 'દિવાળી' ઉજવાય છે.

આ પ્રસંગ સાથે સંકળાયેલ એક બીજી પણ સંસ્મરણીય હકીકત પ્રભુનાં નિર્વાણનાં આગલે જ દિવસે બની. પ્રભુનાં પરમ ભક્ત ગણધર ગૌતમ ભગવાન મહાવીરનાં પ્યારા ને પ્રથમ શિષ્ય હતા. એટલે ગણધર ગૌતમ પ્રભુ પ્રત્યે ગાઢ સ્નેહ ધરાવતાં. પ્રભુ જ એમનું સર્વસ્વ હતું એમ કહીએ. ગણધર ગૌતમને ભગવાન મહાવીર પ્રત્યે અત્યંત અનહદ રાગ હતો, પ્રભુ મહાવીર જાણતા જ કે ગૌતમનો અત્યંત રાગ એને કેવળજ્ઞાનથી અને સિદ્ધિથી દૂર રાખે છે એટલે ગૌતમનાં કલ્યાણ માટે પ્રભુએ ગૌતમને પોતાની પાસે બોલાવ્યા.

ભગવાન મહાવીરે ગૌતમને કહ્યું, "ગોયમા, બાજુનાં ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણ મિથ્યાત્વી ને નાસ્તિક છે તેને બોધ પમાડી આવો." પ્રભુની આજ્ઞા ગૌતમને શિરોમાન્ય જ હોય. ગણધર ગૌતમ આજ્ઞા મુજબ ગયા અને દેવશર્માને પ્રબોધી પાછા ફરે છે ત્યાં રસ્તામાં જ ભગવાન મહાવીરનાં નિર્વાણનાં સમાચાર સાંભળતા જ પોતે હતાશ નિરાશ થઈ ગયા અને પ્રથમ તો પ્રભુને ઉપાલંભ આપવા લાગ્યા. "પ્રભો! શું તમારે એકલાને જ મોક્ષમાં જવું હતું. એટલે મને અળગો કર્યો? શું મારો પ્રેમ ઓછો હતો કે મને નિર્વાણ સમયે જ દૂર કર્યો? પણ પછી ધીરજ ધરતાં વિચારી રહ્યાં.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"ના, ના પ્રભુ તો વિતરાગ હતા, મારા તરફ વાત્સલ્યભાવ છતાં પોતે તો રાગદ્વેષ રહિત હતા, મને દૂર કરવામાં દ્વેષભાવ હોય જ નહિ, એમને વળી રાગ શું? દ્વેષ શું? મારી જ ક્ષતિ હતી કે હું એમના પ્રત્યે અત્યંત રાગમાં રગદોળાયો. એટલે જ આજે દુઃખી-દુઃખી છું. આ રાગ જ જગતમાં બંધન છે. અત્યંત રાગ જ અહિતકર ને ડુબાડનાર છે. મારે ને પ્રભુને ત્યાગમાર્ગે વળ્યા પછી વળી રાગ કે દ્વેષ શો? પ્રભુ તો સમજતાં, હું જ ભૂલ્યો." એમ વિચારતાં વિચારતાં ગૌતમનાં દિલમાંથી રાગદ્વેષ તો વિદાય થયાં, પણ ઘાતી કર્મોનો પણ ક્ષય થઇ ગયો અને ગણધર ગૌતમનો પ્રભુ પ્રત્યે અડગ રાગનો ભ્રમ ભાંગ્યો અને એનામાં કેવળજ્ઞાન ઝળકી ઊઠયું! ગણધર ગૌતમ કેવળજ્ઞાની બની ગયા; ને ભગવાનનાં શબ્દો યાદ આવ્યા, "ગોયમા! આપણે બંને સરખા થઈશું!"

ધન્ય પ્રભુ! ધન્ય શિષ્ય! ૨૫૦૩ વર્ષ પહેલા આસો માસની અમાવાસ્યાની મધ્ય રાત્રિએ નિર્વાણ પામતાં પ્રભુ મહાવીરે જગતને અહિંસા, સંયમ, તપનો ત્રિવિધ ધર્મ દાખવી કષાયોથી મુક્ત થવા દેશના આપી અનેક જીવોને તાર્યા! જ્ઞાનદીપક ભલે બુઝાયો પણ એની યાદમાં અનેક દ્રવ્ય-દીવડા પ્રગટ્યા....અને એ જ રાતને અંતે ઊગતે પ્રભાતે ગણધર ગૌતમ ભલે જ્ઞાની હતાં પણ પ્રભુ પ્રત્યે અત્યંત રાગને કારણે 'કેવળજ્ઞાન' પામતા નહોતાં પણ પ્રભુએ એમને દૂર મોકલતા અને પોતે અંતે રાગના બંધન સમજતાં, રાગનાં ભ્રમમાંથી મુક્ત થયાં, ઘાતી કર્મો ખપી ગયા અને કેવળજ્ઞાન પામ્યા. એટલે સૌ ગાઇ રહ્યા.

જ્ઞાનદીપક બુઝયા, દ્રવ્ય-દિવડા પ્રગટ્યા,
રાગનો ભ્રમ ભાંગ્યો, કેવળજ્ઞાન ઝળકયા!

ધન્ય એ અમાવાસ્યાની રાત ને પછી પ્રભાત! કે આજે પણ જગતનાં લોકો 'ભગવાન મહાવીર' અને 'ગણધર ગૌતમ'ને ભક્તિભાવે યાદ કરી એ દિવસ એક મહાપર્વ તરીકે દિવાળી....દીપાવલી....દીપોત્સવી....તરીકે ઉજવે છે.

नमो श्री महावीर पारंगताय ।
नमो श्री गौतम गणधराय ।।

## કોણે દીઠી કાલ?

પંખી ટોળું વૃક્ષ પર, હળ્યું મળ્યું છે હાલ;
પ્રભાતમાં ઉડી જશે, કોણે દીઠી કાલ? ૧
સુગંધી પુષ્પ થકી બની, અનુપમ ફૂલની માળ;
તે પણ કરમાઈ જશે, કોણે દીઠી કાલ? ૨
દૃષ્ટિ વિપર્યાસે તને, ભાસે સુખરૂપ જાલ;
પસ્તાવો પાછળ થશે, કોણે દીઠી કાલ? ૩

જેમ પંખી ટોળું વિખરાઈ જાય, સુગંધી પુષ્પથી બનેલી પુષ્પમાળા કરમાઇ જાય, તેમ આ માનવજીવન પણ ક્ષણે ક્ષણે ક્ષીણ થતું જાય છે. કાલે શું થશે એની કોઇને પણ ખબર પડતી નથી. તારી દૃષ્ટિ વિપર્યાસથી તને બધું સુખરૂપ દેખાઇ રહ્યું છે. પણ પાછળથી પસ્તાવો ન થાય એ માટે તું પૂર્વ તૈયારી કરી રાખ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ડેના બેંકની
# બચત યોજનાઓ દ્વારા
## આપની ભાવિ જરૂરતો પૂરી કરો



## કૅશ સર્ટિફિકેટ

આપનું મૂડી રોકાણ ૧૦ વર્ષમાં લગભગ ત્રણગણું અને ૨૦ વર્ષમાં સાતગણાથી વિશેષ થઈ રહે છે.




## ફિક્સ્ડ ડિપોઝિટ્સ

આપ જેટલી મુદત નક્કી કરો તેના પર આધારિત આપના રોકાણની રકમ પર ૧૦% સુધી વ્યાજ મળે છે.



## સમૃદ્ધિ ડિપોઝિટ યોજના

આપની બચત પર વ્યાજનું વ્યાજ મેળવીને સલામતી સાધી શકો છો.



## રિકરિંગ ડિપોઝિટ યોજના

આપની નાની માસિક બચતમાંથી મોટી મૂડીનું નિર્માણ થાય છે.

વિગતો માટે આપની નજીકની ડેના બેંક શાખાનો સંપર્ક સાધો.

**ડેના બેંક**


(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)

હેડ ઑફિસ: હોર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DB/G/295


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભીતર બોલે એકતારો

શ્રી મકરન્દભાઈ દવે

'એ જી મનની વરતીને કોઇ વારો વારો,
બોલે એકતારો હો ગુરુ, એકતારો.'
—રવિ સાહેબ

ભજન-ભાવના વિષે આપણે ગમે એટલી ચર્ચા-વિચારણા કરીએ, ગોષ્ઠિ માંડીએ પણ શરૂઆતમાં જ આપણે જાણી લેવું જોઇએ કે એ આપણને ભજનના બાહ્ય પ્રદેશનો પરિચય કરાવશે, ભજનના આંતરિક પ્રદેશમાં પ્રવેશ નહીં કરાવી શકે. ભજન અને ભોજન સરખાં છે. બત્રીસ જાતનાં પકવાન અને છત્રીસ જાતનાં ફરસાણ વિષે ગમે એટલી વાતો કરીએ પણ તેથી ભૂખ ન ભાંગે, સ્વાદ ન આવે, પોષણ ન થાય. ભજનનું પણ એવું જ છે કારણ કે ભજન આત્માનો ખોરાક છે. એટલે તો હરજી ભાઠીએ ગાયું છે: 'ભજન વગર મારી ભૂખ ન ભાંગે, ને સમરણ વિના તલપ ન જાય.' ભજનના ભોજનઘરમાં તો ભજન કરવાથી જ પ્રવેશ મળે અને તો જ અંતરાત્માને તૃપ્તિ થાય. પણ ભજન કરવું એટલે મીઠા ને કેળવાયેલા કંઠથી ભજન લલકારવું તે નહીં. ભજન કરવું એટલે જે પરમ તત્ત્વનું કે પુરુષોત્તમનું આરાધન કરતાં હોઇએ તેની સાથે એકતાર થઈ જવું. ભજનિકના હાથમાં રહેલો એકતારો એટલે તો તેના આંતરિક તારનો પણ સાચો પ્રતિનિધિ બની જાય છે. ભજનમાં બે વસ્તુઓ મુખ્ય છે: શબ્દ અને સુરતા. સુરતા વિનાનો શબ્દ માત્ર કંઠની કારીગરી બની જાય અને શબ્દ વિનાની સુરતા ભજનના ગુંજાર સુધી પહોંચે નહીં. શબ્દ અને સુરતા એકમેળ થઇ જાય ત્યારે ભજનનો જન્મ થાય. સંત-ભજનિકોના શિરોમણિ કબીર સાહેબે તેથી ભજનને કહ્યો છે: 'શબ્દ-સુરત યોગ' 'સુરતિ-શબ્દ યોગ' એટલે કાન બંધ કરી અંદરના નાદને સાંભળવો, એટલું જ નહીં પણ અંદરના નાદને શબ્દોની પાંખે બહાર પણ રમતો કરવો. 'બહાર, ભીતર સકલ નિરંતર'-શબ્દને પિછાણ્યો એટલે ભજનની સાધના પૂરી થઈ. આ સાધના કેવી રીતે પૂર્ણ થાય છે તેનો મર્મ કબીર સાહેબે અર્ધી સાખીમાં જ સમજાવી દીધો છે.

આધી સાખી કબીર કી, કોટિ ગ્રંથ કરિ જાન;
સત્ય રામ, જગ જૂઠ હૈ, સુરતિ શબ્દ પહિચાન.

શબ્દ અને સુરતિને પિછાણવાથી શું પ્રગટ થાય છે? એક માત્ર પરમ તત્ત્વ રામ જ ત્રણે કાળમાં સત્યરૂપે પ્રકાશે છે. આ જગતમાં તે સિવાય જે કાંઈ દૃશ્ય-પદાર્થો જોઇએ છીએ તે ખોટા છે. નામ રૂપનાં છોતરાં ઊખેડી ઊખેડીને ભજન આપણને નામરૂપની ભીતર લઈ જાય છે અને ત્યાં તો પછી 'ઘટ ઘટ મેરા રામ રમૈ' પેલો રામ જ અણુ અણુમાં રમતો દેખાય છે. શબ્દ-સુરતિની યાત્રાનું આ છેલ્લું ચરણ. ભજન એટલે જાણે વામન ભગવાનના ત્રણ પગલાં. પહેલે પગલે તે 'આ જગની જૂઠી બાજી' બતાવી દે છે, બીજે પગલે તે એક પરમાતમ 'પરકાશ'ને પીછી લે છે, અને ત્રીજે પગલે 'આતમને પરમાતમ કરી માનજો' કહી દરેક પ્રાણીને પરમ તત્ત્વ સાથે જોડી આપે છે. આમ આપણો ભજનિક-સંત પોતાનો એકતારો લઈ ભજન ઉપાડે છે ત્યારે પોતાના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'અહંકાર'ના બલિને પાતાળમાં ચાંપી ત્રિવિક્રમ વિષ્ણુની જેમ ત્રણે લોકમાં છવાઇ જાય છે.

શબ્દ અને સુરતા—આ બંનેને બરાબર મેળવી જે ભજન ઉપાડે છે તેનું ભજન કદી નિષ્ફળ જતું નથી. તેનું ભજન જીવનમાં ઉગે છે અને એના જીવનમાં અમર ભોમના આંબા ફળે છે. આપણે ત્યાં એક સાખી ગવાય છે :

સુરતિ શબ્દ બિચ અંતરા, એતિ ઘરમે હાણ;
ધોરી બિચ ભુંબી પડે તો ક્યારી સૂકી જાણ.

ભજન કેમ ઊગતું નથી ? કારણ કે શબ્દ અને સુરતા વચ્ચે વિચ્છેદ પડી ગયો હોય છે. આપણો લોક સંત રોજિંદા જીવનનું દૃશ્ય બતાવી કહે છે કે વાડીનાં કૂવામાં કોશ ચાલતો હોય, ધોરિયામાં પાણી ખળખળ વહેતું હોય પણ વચ્ચે રાફડી કે ભોણ પડી ગયું તો એ પાણીને શોષી જાય. ક્યારા સુધી પાણી પહોંચે નહીં. પછી મોલ ઊગે ક્યાંથી ? આવું જ ભજનવાણીનું છે. આપણા મુખમાંથી ભજન-વાણીનો ધોધ વહેતો હોય પણ એની સાથે અંતરની તલ્લીનતા, સુરતા ન ભળી હોય તો એ વાણી વ્યર્થ છે. આવા ભજનોથી આપણા જીવતરની ક્યારી સૂકી જ રહી જાય એમાં નવાઈ શી ?

ત્યારે આ ભજન સંમેલનમાં આપણે સહુથી પહેલી નજર ક્યાં નાખીશું ? ભજનનું મૂળ સીંચ્યા વિના તો ભજનનો અમૃતરસ આપણે નહીં પામી શકીએ. ભજન જ્યાંથી ઊગીને આપણા જીવનને તેની ઘટાદાર છાયા, સુગંધી ફુલો અને રસભરપૂર ફળોથી હર્યું ભર્યું કરી દે એનો તાર આપણે સાંધવાનો છે. આપણે માત્ર ભજનના ગાયકો અને શ્રોતાઓ બની સંતોષ નથી માનવો પણ જો ભજનને ગળામાં ઘૂંટયું છે ને શ્રવણમાં ઉતાર્યું તો રવિસાહેબ કહે છે તેમ 'સંધે સંધે રસ સંચર્યો' શરીરના સાંધે સાંધામાં એ રસને ઉતારવો છે. આવું ભજન સંમેલન સૌરાષ્ટ્રમાં આ પહેલું છે. ઘણી જગ્યાએ ભજનો બેસાડવામાં આવે છે, પણ એ કોઈ પ્રસંગની આસપાસ ભજનો પ્રદક્ષિણા ફરતાં હોય એવું લાગે છે. આજે તો અહીં ભજન જ કેન્દ્રસ્થાને છે. ભજનને મધ્યમાં રાખી મળતું આવું સંમેલન મને તો 'ગત્ય ગંગા'નો નવો અવતાર લાગે છે. ગત્ય ગંગા એ આપણે ત્યાં ભાવે દ્રેકથી, ભર્યા ભર્યા હૃદય અને કંઠથી ભજનો ગાતાં નર-નારીનું સંમેલન હતું. એમાં ગંગાની પવિત્રતા અને ગતિશીલતાને સદાયે સામે રાખવાની છે. આવી વહેતી ગંગા ફરી એકવાર પોતાના શુદ્ધ સ્વરૂપે આપણે ત્યાં ઉતરે તો સગર-પુત્રોના શબની જેમ પડેલા આપણા નિષ્પ્રાણ રાષ્ટ્ર જીવનમાં ફરી ચૈતન્યનો જુવાળ પ્રગટ થઈ શકે. ભજનની આ સંજીવની શક્તિમાં મને શંકા નથી.

પણ ભજનની આ શક્તિ જગાડવા માટે આપણે ભજનના હાર્દમાં પ્રવેશ કરવો પડશે. ભજન એ કોઇ કવિ, ગાયકની રચના નથી. જે પિંગળને જાણે છે ને સૂરને ઉપાસે છે એવા સર્જક-કળાકારની આ કૃતિ નથી ભજન તો ભેરવ-નાથ કહે છે તેમ 'સાધુડાંની વાણી' છે. સાધુડાં ભજન ગાય છે માત્ર પોતાના માલિકને રીઝવવા માટે. પોતાના રુદિયામાં બેઠેલા અંતરજામીને રાજી કરવા માટે 'મૈં અપનો રામ રિઝાવું' અને તેથી સાધુડાંનું માત્ર મુખ નથી ગાતું, મન નથી ગાતું પણ આખું અસ્તિત્વ ગાય છે. રામકૃષ્ણ પરમહંસ કહેતાઃ 'મન મુખ એક કરાઈ ચરમ સાધન.' સહુથી ઉંચી સાધના મન અને વાણીને એક કરવાની. શબ્દ અને સુરતાનો દોર પરોવવાની. જેમ શબ્દ ઊંડો ઉતરીને બહાર આવશે એમ વધારે ઊંડી અસર કરશે. સાચો ભજ-નિક પોતાના ભજનથી રામને કેવી રીતે રીઝવે છે તેનો કીમિયો અહીં પડ્યો છે. વાણી અને અંતઃકરણ સંબંધને તથા બંનેના સ્વરૂપને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણે જરા ઝીણી નજરથી જોઈશું તો ભજનનું રહસ્ય સમજતાં વાર નહીં લાગે.

આપણે ભજન ગાવાનું શરૂ કરીએ છીએ. કોઈપણ ક્રિયા સાથે મન જોડાયેલું હોય તો જ એ ક્રિયા થાય છે પણ બુદ્ધિના તેજ વિના એ ક્રિયામાં નથી નિશ્ચયાત્મકતા આવતી, નથી સમજ પ્રગટતી. આમ ક્રિયા સાથે વૃત્તિ જોડાયેલી રહે છે. આપણી વૃત્તિમાં જેટલું ઊંડાણ અને સમગ્રતા એટલી આપણી પ્રવૃત્તિ સાચી અને પ્રાણવાન. બહારની પ્રવૃત્તિ સાથે આપણને સાંકળતું અંદરનું સાધન છે અંતઃકરણ. એના મુખ્યત્વે ચાર સ્વરૂપ ગણાય છે એટલે એને 'અંતઃકરણ ચતુષ્ટય' કહે છે વાણીના પણ ચાર સ્વરૂપ છે અને અંતઃકરણના ચાર સ્વરૂપો સાથે એને સીધો સંબંધ છે. આ સંબંધ જેટલો ઊંડો, વિશાળ અને સર્વાંગી એટલું વાણીનું હૈવત. ભજનના ઉપાડ સાથે આપણે એને ગૂંથતા આવીએ. ભજન ગાવાનું મન થાય ને ભજન ઉપાડીએ પણ બુદ્ધિનો, સમજશક્તિનો પ્રકાશ ન હોય તો એ થઈ વૈખરી વાણી. મનમાં આવે તેમ ગાયું પણ ભજનનો અર્થ ને ઉદ્દેશ સમજ્યા વિના ગાયું એ થઈ વૈખરી. તેથી વધુ ઊંડાં ઉતરીએ, ભજનને બુદ્ધિપૂર્વક સમજીને ગાઈએ તો એ થઈ મધ્યમા વાણી. જે ભજનિક મધ્યમાથી ગાય છે તેની વાણીમાં, 'મધ્યમા' શબ્દ સૂચવે છે એમ સમતોલપણું અને સંવાદિતા આવે છે. સારા ગાયકો મધ્યમાથી ગાતા હોય છે. પણ એ ભજનિક માટે પૂરતું નથી. બુદ્ધિ માત્ર ઉપરનો પ્રદેશ અજવાળે છે ને ગેરરસ્તે પણ લઈ જાય છે. રામને રીઝવવાને બદલે એ કામની સેવા કરવા પણ લાગી જાય ત્યારે મધ્યમાથી ભજન ગાયું એથી ભજનનો અર્થ સમજાય પણ અર્થ સરતો નથી. બુદ્ધિ જીવનનું દર્શન નથી બની શકતી. જેને સાક્ષાત્કાર કહીએ એવી પ્રત્યક્ષ, અનુભવની ભૂમિકાએ નથી લઈ જતી. તો બુદ્ધિની પાછળ જે ચિત્ શક્તિ છે, અંતર્પ્રજ્ઞા છે એને અજવાળે ભજન ગાઈએ તો એ થઇ પશ્યન્તી વાણી. આ પશ્યન્તી શબ્દ પણ ઘણો સૂચક છે. આપણે જ્યારે 'રામ' કહીએ ત્યારે આપણે માટે એ કેવળ શબ્દ રહી જાય છે, બહુ બહુ તો એક માનસ ચિત્ર ઊભું થાય છે. પણ પશ્યન્તી વાણીથી જે 'રામ' કહે તેની સામે 'રામ'નું સાચું સ્વરૂપ પ્રત્યક્ષ થાય છે. એટલે તો પશ્યન્તીનો બોલનારો બની જાય છે દ્રષ્ટા. છેવટે ચિત્-સંજ્ઞાની પાછળ પણ એક શુદ્ધ અહમ્ રહ્યો છે. આ અહમ્ દેહાભિમાનનો અહમ્ નહીં પણ શુદ્ધ અસ્તિત્વનો 'હુંકાર' છે. આ સર્વના મૂળમાં બેઠેલો અહમ્ ગાઇ ઊઠે ત્યારે થઈ પરાવાણી. એ મન, બુદ્ધિ, ચિત્તની પકડમાં આવતી નથી એટલે એને વ્યક્ત કરી શકાતી નથી પણ પશ્યન્તી, મધ્યમા અને વૈખરીને અજવાળી મૂકે છે. મનુષ્યની વૈખરીમાં જ્યારે પરાનો સીધો જ સ્પર્શ થઈ જાય ત્યારે ઋષિને કંઠેથી મંત્ર ઝરે, ભગતને કંઠેથી ભજન. વૈદિક ઋષિ ગાઈ ઊઠે :

> વેદાહમ્ એતં પુરુષં મહાન્તમ્,
> આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્.

'અંધકારથી પર, સૂર્યની જેમ પ્રકાશતા એ મહત્ પુરુષને મેં પિછાણ્યો છે.'

આપણો મોરાર સાહેબ એવું જ ભજન લલકારી ઊઠે :

> 'અમ્મર હુવા રે આપુંને ઓળખી રે,
> નૂરીજન નજરોનજર નિહાળ.'

જેણે કોઇ પરમ તત્ત્વને નજરો-નજર નિહાળ્યું એવા અનુભવીની આ વાણી છે. તો એની વાણીનો સહારો લઈ એ તત્ત્વને નિહાળવાનો પ્રયત્ન કરીએ, એમાં જ ભજન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને ભજનિક સંત બંનેને સાચી સલામી છે. સાધુડાંની વાણીને ત્યારે મુખથી ગાતાં આપણે કદી ન ભૂલીએ કે એ વૈખરીની સરહદ પર, જ્યાં વેણુ નથી પહોંચતાં એવી પરાવાણીનું અનુસંધાન લઈ આવે છે. મહાન બંસીવાદક પન્નાલાલ ઘોષ એક માર્મિક વાક્ય ઘણીવાર કહેતા :

'બંસી બજાતે બજાતે મુઝે ઠાકુર મિલ જાયેંગે.'


એક સાધક-કળાકારને માટે બંસી એ તો બંસીધરને મળવાનું સાધન બની ગયું. એમ આપણે માટે ભજન એ તો ભગવાનને મળવા માટે વાણીનો સેતુ બની જાય. આપણાં શબ્દ અને સુરતા જેમ અભ્યંતર ગતિ કરતાં જાય એમ આ મહા–મિલનનો ઉત્સવ પણ રચાતો આવે છે. આપણા દૃષ્ટાઓએ વાણીનાં સ્થાન બતાવ્યાં છે, એ જાણે આ મિલન–ઉત્સવ માટે જતાં વચ્ચે આવતાં મુકામના માંડવા છે. અત્યંત સ્થૂળ અવાજનાં આંદોલનોથી અત્યંત સૂક્ષ્મ આનંદ લોકનાં બારણાં ઊઘડતાં જાય છે. વૈખરીનું સ્થાન છે મુખ, મધ્યમાનું કંઠ, પશ્યન્તીનું હૃદય અને પરાનું નાભિ. વિષ્ણુના નાભિ કમળમાંથી બ્રહ્મા પ્રગટ થઇ ચાર મુખે વેદગાન કરે છે એમા આ ચતુર્વિધ વાણીનો સંકેત છે.

અને આ શરીરમાં મૂળ વાણીનું સ્થાન નાભિ શા માટે? કારણ કે મૂળમાં નાભિ દ્વારા જ પોષણ મેળવીને આ પિંડ બંધાયો છે. મૃત્યુ સમયે ફરીવાર માણસને નાભિનો શ્વાસ શરૂ થાય છે ને જીવનનું ચક્ર પૂરું થાય છે. પણ ભજનિક સંત જીવતાં જ વાણીનો મનમાં, મનનો શ્વાસ અથવા પ્રાણમાં અને પ્રાણનો મહાપ્રાણ વિષ્ણુ કે અલખમાં લય કરી દેહ-ભાવથી પર થઈ જાય છે. રવિ સાહેબ કહે છેઃ 'વાણી મનમેં, મન પ્રાણમેં, પ્રાણ અલખમેં અલપાણી' [આ વિષે વધારે જાણવું હોય તો રવિ સાહેબનું ભજન, 'મૂળ કહુ તો મહાસુખ હોવે' (સંત કેરી વાણી,' પાનુ ૬૧) જોઇ જવા વિનંતિ.] ભજન વાણીની આ વાણીથી પર તત્ત્વમાં સ્વાભાવિક પરિસમાપ્તિ છે ભજન આમ વેણુથી પર લઇ જતી વાણી છે ભૈરવ-નાથ એ વિષે ઇશારો કરે છેઃ

'સાધુડાંની વાણી મેં સદાય સુખ જાણી
બાવો બોલે વેણુ પર વાણી,
મારા હરિજન, પીઓ પ્રેમરસ જાણી.'

ભજનિકોનો અનુભવ છે કે ભજનનાં બાહ્ય ઉપકરણો તંબૂર, મંજીરાં અને નરઘાં વિના ભજન જામતાં નથી. સાજ–સંગત બરાબર મેળવેલાં ન હોય તો કંઠનો જાદુ કામ કરતો નથી. એવી જ રીતે આપણે અંદરનાં સાજ-સંગત, અંતઃ કરણને પણ બરાબર ન મેળવીએ તો ભજન કેવી રીતે ફળે? હરિને પણ સાંભળવાનું મન થઇ જાય એવી હવા કયાંથી બંધાય? ભીતરનું જંતર બરાબર વાગશે તો 'વણ તુંબડે, વણ ડાંડવે, વણતારે ઝણકારા' થઇ ઊઠશે.

(સાભાર–મહિલા કોલેજ ભજન સંમેલન)





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'માથાના વાળ કેમ વધાર્યા?'

લેખક : સુશીલ

અમારા ગામમાં અંગ્રેજી નિશાળ નહોતી એટલે મારા બાપુજીએ, છ-સાત ગાઉ દૂર આવેલા ગામમાં રહીને હું અંગ્રેજી ભણી શકું એવી ગોઠવણ કરી. શનિવારે સવારની નિશાળ હોય અને રવિવારે આખા દિવસની રજા હોય એટલે શનિવારે બપોરે પગપાળો નીકળી, રવિવાર બા પાસે ગાળી સોમવારે પાછો નિશાળના વખતે હાજર થઇ જતો.

એક શનિવારે, એ પ્રમાણે હું મારે ઘેર જવા નીકળ્યો. તે દિવસે કોણ જાણે કેમ પણ આ સંસારસાગરમાં હું એકલો હોઉં અને ક્યાંઇ કાંઠો ન દેખાતો હોય એવો ખિન્ન તથા ઉદાસીન થઈ ગયો હતો. નાનપણથી જ મારી વૃત્તિ એવી ઘડાઈ ગઈ હતી કે મને કોઇની સંગત બહુ નહોતી ગમતી. સૌની સાથે હળું-મળું ખરો, પણ જાણે કે બધાથી જૂદો પડી જતો હોઉં એમ લાગે.

આ સંસારમાં મારું કોણ એ પ્રશ્ને મને ઘણી વાર મુંઝવ્યો છે, ઘણી વાર એકાંતમાં મને રડાવ્યો છે. મહાસાગરના એક ટીપાં કરતાં પણ નગણ્ય હોઉં, વૃક્ષના એક સૂકા પાન કરતાં પણ નિર્માલ્ય હોઉં એમ મને ઘણી વાર લાગ્યું છે. થોડો પણ પ્રેમ કે સદ્‌ભાવ જો કોઇ મારી પ્રત્યે બતાવે તો હુ ગળગળો થઈ જઉં. જન્મ-જન્માંતરથી પ્રેમ અથવા સૌહાર્દનો ભૂખાળવો હોઉં એમ મને ઘણી વાર લાગ્યું છે. માણસ અન્ન-પાણી સિવાય જીવી શકે, પણ પ્રેમ સિવાય શી રીતે જીવી શકતો હશે એ મને હજી સુધી નથી સમજાયું.

જીવનમાં શક્તિ, પ્રેરણાસ્વરૂપ જો કંઈ હોય તો તે પ્રેમ. વૃક્ષને પોષણ ન મળે તો તે કરમાઈ જાય તેમ જેના જીવનમાં સ્થિર, ભરપૂર પ્રેમનું સિંચન નથી થયું તે અકાળે કરમાઈ જાય છે. મૂળથી માંડી, છેલ્લી નવી કુંપળ સુધીમાં વૃક્ષનો પ્રાણરસ રેલાઈ જાય છે તેમ માનવીના જીવનમાં પણ પ્રેમરસની ધારા બધે ફરી વળવી જોઇએ.

બાનો પ્રેમ મને સહજ અને સુલભ હતો. છતાં એ પ્રેમથી હું ધરાયો હોઉં-મારી ભૂખ મટી હોય એમ મને નથી લાગ્યું. બે દિવસ બાના સ્નેહસાગરમાં સ્નાન કર્યા પછી અઠવાડિયાના બાકીના દિવસ એકદમ નીકળી જતા. ફરી પાછો બાને મળવા તલસતો.

આજે હવે સમજાય છે કે પ્રેમ લેવા અને સંઘરવા કરતાં, પ્રેમ આપવામાં ઓછો આનંદ નથી. નાનો છોડ બગીચામાં વાવ્યો હોય તો એ સુકાઇ જાય નહિ તે સારું તેને સતત પાણી સીંચવું પડે, વધારે પડતા તાપથી કરમાઇ ન જાય તે માટે આછી-પાતળી વાડ પણ કરવી જોઇએ. એ રીતે એની ઉપર બને એટલો પ્રેમ સીંચવો જોઇએ પણ એ રોપ જ્યારે વૃક્ષરૂપ બને છે ત્યારે પછી એને વાડની કે પાણીની જરૂર નથી રહેતી. એ પોતે જ થાકેલા મુસાફરો ઉપર પ્રેમનો અભિષેક કરે છે-પોતે તપીને પણ પોતાના આશ્રયે આવેલાઓને શીળી છાંયથી નવાજે છે. બાલ્યાવસ્થામાં જેને પ્રેમ નથી મળ્યો તે ઘણું કરીને મોટપણે કઠોર બને છે. એ પોતે જ જો પ્રેમથી વંચિત રહ્યો હોય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તો જગતને આપવા જેવું બીજું એની પાસે શું હોય?

બાને ભેટવા મારું હૈયું ઉછળતું હતું. રસ્તામાં એક વાવ આવતી હતી એ વાવના ઇતિહાસમાં ઘણી વિચિત્ર અને ભયંકર દંતકથાઓ ભળી ગઈ હતી. વાવના પગથિયાં એટલાં વિશાળ હતાં કે ઘોડેસ્વાર ઘોડા ઉપર બેસીને ખુશીથી આ વાવમાં ઉતરી પાણી પી શકે. મેં એ વાવમાં ઉતરીને નીરાંતે થોડું પાણી પીધું. બીક તો લાગતી જ હતી, પણ બાના વિચારે મારી એ બીક નીકળી ગઇ.

દીવા ટાણે ઘેર પહોંચ્યો. બાએ હાથમાંના કામ પડતાં મૂકી મને સત્કાર્યો. જરા મોડું થયું હોવાથી ઠપકો પણ આપ્યો. મારા ચહેરા ઉપરથી હું થાકી ગયો છું એમ એને લાગ્યું, એટલે વાટકીમાં થોડું તેલ લઇને મારા પગની પીંડીએ માલેશ કરવા બેસી ગઈ. તે પછી ગરમ પાણી આપી, એનાથી પગ ધોઈ નાખવાનું મને કહ્યું.

હું હજી પગ ધોતો હતો એટલામાં મારા બાપુજી આવી પહોંચ્યા. એમણે મને જોતાં જ ઉપરાઉપરી બે પ્રશ્ન પૂછયાં, "ક્યારે આવ્યો? અને માથાના આ વાળ આટલા બધા કેમ વધાર્યા છે? ગામમાં હજામ નથી મળતો?"

મારી વતી બાએ જ જવાબ આપ્યો, "બિચારો પગે ચાલીને આવ્યો છે. થાકીને લોથ થઇ ગયો છે, થોડો પોરો તો ખાવા દો. આવતાંની સાથે જ ઉધડો લ્યો છો એ કંઇ રીત કહેવાય?"

ઘેર આવ્યો હતો, સ્નેહનો સુધારસ પીવા તેને બદલે મને બાપુજી તરફથી આવા અણીદાર પત્થર મળ્યા તેથી મારું અંતર ઘવાયું. બાએ મારું ઉપરાણું તો લીધું, પણ મારાથી આંસુનો વેગ રોકી શકાયો નહિ આંખમાંથી ટપ ટપ આંસુની ધારા વહી નીકળી.

મારી બા મને સમજાવવા લાગી; "આટલો બધો પોચો કેમ થાય છે? તને કોઇએ ગાળ ભેળ થોડી જ દીધી છે? તારા બાપુ કોઈ દિવસ એકાદું આકરું વેણ કહી નાખે, એમાં રોવા શું બેઠો? કાલે વાળંદ પાસે જઇને વાળ કપાવી આવજે."

રસ્તાના થાકને લીધે રાત્રે વહેલો સૂઈ ગયો. સવારે ઉઠયો ત્યારે બા પ્રભાતીયું ગાતી હતી. હું મારી પથારીમાંથી ઉઠીને બાની પાસે જઇને ફરી સૂઈ ગયો. બા મને પોતાની શાલ ઓઢાડી, પંપાળવા લાગી. બાર–તેર વરસનો કિશોર–હું જાણે ફરી એક વાર બાળક બની ગયો હોઉં એમ મને થયું.

પ્રભાતીયું પૂરું થયું એટલે મેં બાને પૂછ્યું. ગઇ રાતનો મારા બાપુજીનો ઘા હજી હૈયામાં ખૂંચતો હતો. બા મને બાપુજી વઢવઢ કરે છે તે આ ઘરમાં રહીને શું કરૂં? તું કહેતી હો તો આજે ને આજે જ નીકળી જઉં."

"બેટા, આમ નજીવી વાતમાં જો આટલો બધો ઉશ્કેરાઇ જશે તો મોટપણે તારો વહેવાર કેમ ચલાવી શકશે? બાપુજી હોય તો વઢે પણ ખરા. બીજા કોઇએ તારૂં નામ લીધું હોત, તને દુભવ્યો હોત તો એ જ તારા બાપુજી એની સામે લડવા જાત. સ્નેહ હોય ત્યાં કોઇકદિ' કડવાં વેણ પણ સાંભળવાં પડે, અને બીજી તને કંઈ ખબર છે? આજકાલ આપણી સ્થિતિ ખરાબ છે. તારા બાપુજી કેટલી ચિંતામાં દિવસો ગાળે છે તેનું તને શું ભાન છે? ગુસ્સે થઈને બહારથી આવ્યા હોય તો ન કહેવાનું કહી નાખે! તને જેણે નાનેથી મોટો કર્યો, તારી ખાતર કરજ કરીને તને ભણવા મોકલ્યો, પોતે ફાટલાં લૂગડાં પહેરીને તને શણગાર્યો, તેમનાં મુખનાં બે આકરાં વેણ પણ તું જો સહન ન કરી શકે તો દુનિયામાં શી રીતે જીવી શકશે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પગલે પગલે જ્યારે અપમાન, અન્યાય, અત્યાચારનો સામનો કરવો પડશે ત્યારે એટલું ધૈર્ય ક્યાંથી મેળવશે ?"

"પણ માથાના વાળ થોડા વધ્યા તેમાં વઢવા જેવું શું હતું ?" મારા મનમાં બાપુજીના શબ્દો કાંટાની જેમ ખુંચતા હતા.

તારા બાપુજી રહ્યા, જુના જમાનાના. તારા માથે મોટા વાળ જુએ એટલે એમને લાગે કે રખેને આ છોકરાનું ફટકી જશે." બા જાણે જુના અને નવા જમાનાના સીમાડા વચ્ચે ઉભી હોય અને બન્નેનો સુમેળ બેસારતી હોય તેમ કહી રહી; "તું જ્યાં સુધી નાનો છે, એમનું કહેવું સાંભળે છે અને માને છે ત્યાં સુધી તને કહેશે. પછી કોઈ થોડું જ કહેવા આવવાનું હતું ? તું તારે ઠેકાણે અને અમે અમારા સ્થાને."

"પણ મેં માથે વાળ વધાર્યા એમાં એવો કયો મોટો અધર્મ થઈ ગયો ?" બા નરમ પડતી જતી હતી તેમ મેં એની આકરી તાવણી કાઢવા માંડી.

"ધર્મ અધર્મની વાતો તો હું શું જાણું ? આચાર એ જ અમારે મન ધર્મ. ખાવું, પીવું, બેસવું, ઉઠવું, બોલવું એ બધા આચારો સારી રીતે પ્રમાણિકપણે પાળ્યા હોય તો તે ધર્મરૂપ બને અને એથી ઊલટી રીતે વર્તીએ તો અધર્મરૂપ બને. અમે તો એટલું જાણીએ કે તને તારા વાળ ઉપર મોહ લાગ્યો એટલે એ અનાચાર. એ મોહ ગયો એટલે એ સદાચાર."

એ વખતે બા મને બરાબર ન સમજાવી શકી પણ હવે હવા અને પ્રકાશની જેમ ધર્મ કેટલો વ્યાપક છે તે સમજાય છે. વાળમાં મને સૌંદર્યનો આભાસ થયો હતો. સદ્‌ગુણ અને સ્વચ્છતામાં સૌંદર્ય જોવાને બદલે ડોળ અને ટાપટીપમાં મેં સૌંદર્યની કલ્પના કરેલી તે અધર્મ હતો, અનાચાર હતો. બાનો કહેવાનો એ જ આશય હશે.

એ પછી બા ઉઠીને ઘરકામે વળગી.

બપોરે જ્યારે હું જમવા બેઠો ત્યારે મારા બાપુજી અમારી પંગતમાં બેઠા હતા. મારી ખાતર તેઓ આજે બે-ત્રણ શાક અને મીઠાઈ પણ બજારમાંથી ખરીદી લાવ્યા હતા. આગ્રહ કરી કરીને મને એ જમાડવા લાગ્યા. આગલા દિવસે જેમણે મને વેણના ઘા માર્યા હતા, તેઓ પોતે આજે મારી ઉપર મૂશળધાર હેત વરસાવી રહ્યા હતા. પ્રેમ અને કઠોરતાનો એક જ સ્થાને આવો સમાવેશ થએલો જોઈને હું દંગ થઇ ગયો. હું ગળગળો થઈ ગયો. મારા પ્રેમ ઝરતા અશ્રુ રોકી ન શકયો.

વળતે દિવસે જ્યારે હું બા અને બાપુજીની સ્નેહભરી વિદાય લઇને રસ્તે પડ્યો ત્યારે મારુ મોં છેક પડી ગયેલું જોઇને એક રાહદારીએ મને પૂછ્યું પણ ખરૂ: "છોકરા ! રોતી સુરત જેવો કાં દેખાય છે ? મા-બાપ વગરનો છે ?"

મેં કહ્યું, "બન્ને હૈયાત છે. એમનો અથાગ પ્રેમ માથે મૂકીને જઉં છું એટલે પગ નથી ઉપડતા. પ્રેમને લાયક હોત અને પ્રેમ મળ્યો હોત તો પચાવી લેત. પણ મારા જેવા પામર ઉપર આવો પ્રેમ ઉતર્યો છે તેથી તેને લાયક કેમ બનવું એની જ ચિંતા કર્યા કરું છું." રાહદારી મારો કહેવાનો અર્થ સમજ્યો હશે કે કેમ તે તો કોણ જાણે ! પણ એણે મારી તરફ દયાભર્યો દૃષ્ટિપાત કર્યો અને ઝડપથી ચાલી નીકળ્યો.

( 'હું ને મારી બા' માંથી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ભાવનગરના આંગણે સીત્તેર વર્ષે
## મહાન મંગલકારી ઉપધાન તપ આરાધનાનો શુભારંભ

પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજ, પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ આદિ મુની મંડળની નિશ્રામાં ભાવનગર જૈન સંઘના ઉપક્રમે શ્રી પ્રાણલાલ કાનજીભાઈ દોશીની શુભ ભાવના અને ઉદારતાથી ૭૦ વર્ષ પછી જૈનોના મહા ઉપધાન તપ દશેરાથી શરૂ થયા છે. દાદા સાહેબના વિશાળ પટાંગણમાં ૫૦૦ તપસ્વીઓ માટે ખાસ સુવિધા કરવામાં આવી છે. વિશાળ વ્યાખ્યાનમંડપ, વિશાળ નિવીમંડપ આદિ વિશિષ્ટ રચનાઓ કરવામાં આવી છે.

સગા સ્નેહીઓને મળવા માટે પણ અઠવાડીયે એક જ દિવસ બે કલાક ફક્ત મળવાનું હોય જેથી આરાધકોને આરાધનામાં વિક્ષેપ ન પડે તે મુખ્ય ઉદ્દેશ હોય છે.

સવારના વ્યાખ્યાન સમયે ધર્મમય પ્રવચનો દેવા પૂજ્ય ગુરૂદેવો પૂજ્ય આચાર્ય મહારાજશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી તથા પૂ. જ્ઞાનસાગરજી મહારાજ બધી સમજણ આપે છે.

જૈનોનો વિશાળ સમુદાય તપસ્વીઓના દર્શનાર્થે પધારે ત્યારે નાનકડા મેળા જેવું દ્રશ્ય સર્જાય છે.

આ મહાન કાર્ય માટે અનુભવી સદ્ગૃહસ્થોની જુદા જુદા કાર્યો માટે કમિટીઓ નિમી કામની વહેંચણી કરવામાં આવી છે.

સ્વેચ્છાએ સેવાભાવે બહેનોના મંડળો સ્વયંસેવીકાઓ તરીકે તેમની સેવા અર્પી રહ્યા છે.

ડૉ. ભીમાણીના માર્ગદર્શન નીચે તબીબી સારવાર કમિટીમાં ડૉ. પંકજભાઈ મહેતા, ડૉ. મધુભાઈ શાહ, ડૉ. મંજુબેન શાહ, ડૉ. ઈલાબેન મહેતા વગેરે તેમની માનદ્ સેવા આપી તપસ્વીઓની સેવામાં અનુકૂળ સમયે હાજર રહે છે. એકંદર બધી વ્યવસ્થા ભારે પ્રશંસનીય છે.

## મુંબઈમાં સૌરાષ્ટ્ર સમાજની સ્થાપના

મુંબઈ ખાતેની સૌરાષ્ટ્ર સોશ્યલ સર્વિસ સોસાયટીની એક યાદી જણાવે છે કે, ખરીદી અને તબીબી સારવાર માટે મુંબઈ આવતા સૌરાષ્ટ્રના લોકોની સુવિધા માટે મુંબઈમાં સૌરાષ્ટ્ર સમાજની સ્થાપના કરવામાં આવી છે.

ચેરિટિ કમિશ્નર પાસે આ સંસ્થાને રજીસ્ટર્ડ કરાવવામાં આવી છે. મુંબઈના વોર્ડન રોડ, પેડર રોડ, મહાલક્ષ્મી મંદિરની સામે, જસલોક હોસ્પિટલ નજીક તૈયાર થયેલા ૧૪ માળના મકાનમાંથી ચોથો અને સાતમો માળ ઓનરશીપના ધોરણે ખરીદી લેવામાં આવ્યા છે. આમાં બધા મળી કુલ ૨૪ રૂમની તથા ૭૫ પથારીઓની સુવિધા રહેશે.

આ સંસ્થામાં ઉતરવા માટે રૂા. ૨૫૧) આજીવન સભ્ય ફી આપી આ સંસ્થાના સભ્ય થનાર વ્યક્તિ અને એમનું કુટુંબ ગમે ત્યારે એકી સાથે દશ દિવસ માટે રહી શકશે. તેમજ સભ્ય થનાર વ્યક્તિ સભ્ય ન હોય એવી વ્યક્તિને તબીબી સારવાર માટે મુંબઈ જનાર વ્યક્તિને ભલામણ કરી શકશે, અને તબીબી સારવાર લેવાની હોય ત્યાં સુધી વિના મુલ્યે આ સંસ્થામાં રહી શકશે.

તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફુલચંદ શાહ સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only